Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# : કાર્યવાહી :

બોર્ડ ઓફ મેનેજમેન્ટની સામાન્ય સભા, મંગળવાર, તા.૧૮–૦૨–૨૦૨૫ના રોજ બપોરે :૧૨–૩૦ કલાકે ઓફલાઈન/ ઓનલાઈન રૂમ નંબર – ૧૦૧૩૩ સભાખંડ, વહીવટી ભવન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| **ક્રમ** | **સભ્યોના નામ** | **હાજરી** |
|---|---|---|
| ૧. | ડૉ. કિશોરસિંહ નટવરસિંહ ચાવડા (માનનીય કુલપતિશ્રી) | ઓનલાઈન હાજર |
| ૨. | ડૉ. રમેશદાન ચંડીદાન ગઢવી (સભ્ય સચિવ) | હાજર |
| ૩. | ડૉ. મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | ઓનલાઈન હાજર |
| ૪. | ડૉ. અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | ઓનલાઈન હાજર |
| ૫. | VACANT | — |
| ૬. | VACANT | — |
| ૭. | VACANT | — |
| ૮. | ડૉ. જયદીપકુમાર નસવાનભાઈ ચૌધરી | હાજર |
| ૯. | ડૉ. કપીલા મનોજ | હાજર |
| ૧૦. | VACANT | — |
| ૧૧. | VACANT | — |
| ૧૨. | શ્રી લક્ષ્મણભાઈ આહિર | હાજર |
| ૧૩. | CA હરી અરોરા | ઓનલાઈન હાજર |
| ૧૪. | સુશ્રી અરૂંધતી જે. દેસાઈ | ઓનલાઈન હાજર |
| ૧૫. | શ્રી અમીત ગજ્જર | ઓનલાઈન હાજર |
| ૧૬. | ડૉ.જયંતીભાઈ ચૌધરી | ઓનલાઈન હાજર |
| ૧૭. | ડૉ. દિલીપભાઈ વરસાણી | ઓનલાઈન હાજર |
| ૧૮. | ડૉ. અનુપમ શુકલા | ગેરહાજર |

## વિભાગ – ૧ (બહાલી અને એકશન ટેકન રીપોર્ટ)

૧.૧ બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૨૪–૦૧–૨૦૨૫ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત...

:: **આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૨૪–૦૧–૨૦૨૫ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને નીચે મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવામાં આવે છે.**

**<u>બોર્ડ ઓફ મેનેજમેન્ટ તા.૨૪–૦૧–૨૦૨૫ ઠરાવ ક્રમાંક : ૨.૩</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટેચ્યુટ–૩૦૧ મુજબની કમિટિ ફોર રીવ્યુ એન્ડ ફીકશેસન ઓફ ફીસ અંતર્ગત કો–ઓર્ડિનેટર તરીકે એકેડેમિક અને પી.જી. સેકશનના વડાની નિમણુંક કરવી અને જરૂરી તમામ પ્રકારની માહિતી એકત્રિત કરવાની જવાબદારી એકેડેમિક / પી.જી. વિભાગને સોંપવી તથા નાણાં અને હિસાબ અધિકારીશ્રીએ (FAO) એ સ્ટેચ્યુટસની જોગવાઈ અનુસાર સભ્ય સચિવ તરીકે કાર્યવાહી કરવાની રહેશે.**

**<u>ને બદલે</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટેચ્યુટ–૩૦૧ મુજબની કમિટિ ફોર રીવ્યુ એન્ડ ફીકશેસન ઓફ ફીસ અંતર્ગત અલાયદો સેલ બનાવી જેના કો–ઓર્ડિનેટર તરીકે ડૉ.પ્રકાશ બચરવાલાની નિમણુંક કરવી તથા નાણાં અને હિસાબ અધિકારીશ્રીએ (FAO) એ સ્ટેચ્યુટસની જોગવાઈ અનુસાર સભ્ય સચિવ તરીકે કાર્યવાહી કરવાની રહેશે. સદર સેલ માટે હાલમાં કાર્યરત સી.એ. તથા એક વહીવટી કર્મચારીની ફાળવણી કરવી.**

**<u>વાંચનમાં લેવું</u>**

## વિભાગ – ૨ (ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ વિભાગ)

૨.૧ તા.૧૩-૦૨-૨૦૨૫ ની એકિઝિકયુટિવ કાઉન્સીલની સભાની મીનીટ્સ (ભલામણ) ક્રમાંક : ૩.૧ અંગે વિચારણા કરવા બાબત.

(૧) નાણાં અને હિસાબ સમિતિની સભાની તા.૨૯-૦૧-૨૦૨૫ ની મીનીટ્સ/ભલામણ.

(૨) એકિઝિકયુટિવ કાઉન્સીલની સભાના તા.૧૩-૦૨-૨૦૨૫ ના સભાનો ઠરાવ ક્રમાંક (૩.૧)

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકઝીકયુટીવ કાઉન્સિલ તા.૧૩–૦૨–૨૦૨૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩.૧ અંગે કરેલ ભલામણનો પરિશિષ્ટ : ' ૦૧ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરી મંજૂરી આપવામાં આવે છે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, નાણાં અને હિસાબ સમિતિની તા.૨૯–૦૧–૨૦૨૫ ની સભાના ઠરાવ ક્રમાક : ૧૨ અને એકઝીકયુટીવ કાઉન્સિલ તા.૧૩–૦૨–૨૦૨૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩.૧ અન્વયે દક્ષિણ ગુજરાત વીજકંપનીનાં તા.૨૮–૦૧–૨૦૨૫ ના પત્ર સંદર્ભે Conversion of 22 KV to 11 KV system of ની કાર્યવાહી સત્વરે શરૂ કરવી જેથી Conversion ની પ્રક્રિયા સમયસર થઈ શકે. સદર કામગીરી માટે પ્રથમ GeM પર ઉપલબ્ધતા ચકાસવી અને પરચેઝ સેલે દિન–૩ માં સદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે અને જો GeM પર ઉપલબ્ધ ન હોય તો n-procure પરથી ટેન્ડરની કાર્યવાહી કરવી.**

**(પરિશિષ્ટ : ' ૦૧ ')**

**અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબતો:**

૨.૨ વિશ્વવિદ્યાલયની વિવિધ પરીક્ષાઓ અંગેના મહેનતાણાં માટે બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૨૦/૧૨/ ૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૦.૫ થી નિમાયેલ સમિતિના આ સાથે સામેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને નાણાં અને હિસાબ સમિતિ સમક્ષ રજૂ કરવી અને સમિતિમાં થયેલ ઠરાવના આધારે યુનિવર્સિટીના હિતમાં નિર્ણય લેવા માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

**વિભાગ – ૩ (ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ (પરચેઝ સેલ) વિભાગ)**

૩.૧ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ખરીદ અને ભંડાર વિભાગ અંતર્ગત ખરીદ સમિતિની તા.૨૯-૦૧-૨૦૨૫ ની સભાના ઠરાવ ક્રમાંક (૭) વિશ્વવિદ્યાલય પરીક્ષા વિભાગના ઉપયોગ માટે પરીક્ષાની ઉત્તરવહી અને ઉત્તરવહી પર લગાવવાના સ્ટીકર છાપકામ કરવા માટે વાર્ષિક રેટ કોન્ટ્રાકટ અંગે અને ઠરાવ ક્રમાંક (૮) વિશ્વવિદ્યાલયની તમામ વિદ્યાશાખાની પરીક્ષાના પ્રશ્નપત્રોના છાપકામનો વાર્ષિક રેટ કોન્ટ્રાકટ (ARC) અંગે ખરીદ સમિતિની સભાએ કરેલ ભલામણો (Executive Council) ની સભા સમક્ષ રજૂ કરતા તા.૧૩/૦૨/૨૦૨૫ ની એકઝીકયુટીવ કાઉન્સીલ (Executive Council) ની સભાના ઠરાવ ક્રમાંક (૩.૩) ઉપર વિચારણા કરવા બાબત.

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ (પરચેઝ સેલ) વિભાગ )

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ખરીદ અને ભંડાર વિભાગ અંતર્ગત ખરીદ સમિતિની તા.૨૯-૦૧-૨૦૨૫ ની સભાના ઠરાવ ક્રમાંક (૭) વિશ્વવિદ્યાલય પરીક્ષા વિભાગના ઉપયોગ માટે પરીક્ષાની ઉત્તરવહી અને ઉત્તરવહી પર લગાવવાના સ્ટીકર છાપકામ કરવા માટે વાર્ષિક રેટ કોન્ટ્રાકટ અંગે અને ઠરાવ ક્રમાંક (૮) વિશ્વવિદ્યાલયની તમામ વિદ્યાશાખાની પરીક્ષાના પ્રશ્નપત્રોના છાપકામનો વાર્ષિક રેટ કોન્ટ્રાકટ (ARC) અંગે ખરીદ સમિતિની સભાએ કરેલ ભલામણો **Executive Council** ની સભા સમક્ષ રજૂ કરતા તા.૧૩/૦૨/ ૨૦૨૫ ની **Executive Council** ની સભાના ઠરાવ ક્રમાંક (૩.૩) **નો યથાવત સ્વીકાર કરી** ઉત્તરવહી **માટે L1 પાર્ટી Bindiya Enterprise, Kheda ને ટેન્ડરની શરતો અનુસાર કામગીરી સોંપવી.**

**વધુમાં, ટેન્ડરમાં દર્શાવ્યા ઉપરાંતની વધારાની આઠ પાનાની ૧.૫૦ લાખ ઉત્તરવહી માટે સદર પાર્ટીને છાપકામ કરવા જણાવવું તથા બાકીની ૬.૫૦ લાખ આઠ પાનાની ઉત્તરવહી માટે સત્વરે ટુકાંગાળાના ટેન્ડરની કાર્યવાહી કરવી.** આ ઉપરાંત પ્રશ્નોપત્રોના છાપકામ માટે **L1 પાર્ટી Printography Systems** ને **ટેન્ડરની શરતો અનુસાર કામગીરી સોંપવી.**

**અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબતો:**

૩.૨ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ખરીદ અને ભંડાર વિભાગ અંતર્ગત ખરીદ સમિતિની તા.૧૫-૦૨-૨૦૨૫ ની સભાના ઠરાવ ક્રમાંક : (૨) વિશ્વવિદ્યાલય ખાતે વિવિધ કામગીરી (Service) અને ખરીદી (Products) માટેના ટેન્ડરમાં કરવામાં આવતા વિવિધ પ્રકારના ટેન્ડરોની શરતો નિયત કરવા SOP બનાવવા અંગેની નિમાયેલ સમિતિની સભાનો અહેવાલ અંગે અને ઠરાવ ક્રમાંકઃ(૩.૫) વિશ્વવિદ્યાલયની વિવિધ અભ્યાસક્રમોની પરીક્ષાઓની ઉત્તરવહીઓના મૂલ્યાંકન માટે ઉત્તરવહીઓના સ્કેનીંગ માટે અંદાજે ૩૦ (ત્રીસ) સ્કેનરની રૂા.૧૫,૦૦,૦૦૦/- ના અંદાજીત ખર્ચે ખરીદી બાબત અંગે વિચારણા કરવા બાબત.

(ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ (પરચેઝ સેલ) વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે કે,** વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ખરીદ અને ભંડાર વિભાગ અંતર્ગત ખરીદ સમિતિની તા.૧૫-૦૨-૨૦૨૫ ની સભાના ઠરાવ ક્રમાંક : (૨) વિશ્વવિદ્યાલય ખાતે વિવિધ કામગીરી (Service) અને ખરીદી (Products) માટેના ટેન્ડરમાં કરવામાં આવતા વિવિધ પ્રકારના ટેન્ડરોની શરતો નિયત કરવા SOP બનાવવા અંગેની નિમાયેલ સમિતિની સભા**ના** અહેવાલ **અંતર્ગત ખરીદ સમિતિની ભલામણનો સ્વીકાર કરી આગળની ઘટતી કાર્યવાહી કરવી** અને ઠરાવ ક્રમાંક : (૩.૫) વિશ્વવિદ્યાલયની વિવિધ અભ્યાસક્રમોની પરીક્ષાઓની ઉત્તરવહીઓના મૂલ્યાંકન માટે ઉત્તરવહીઓના સ્કેનીંગ માટે અંદાજે ૩૦ (ત્રીસ) સ્કેનરની રૂા.૧૫,૦૦,૦૦૦/- **ની મર્યાદામાં GeM પરથી પરીક્ષા ફંડ હેઠળ ખરીદી કરવા મંજૂરી આપવામાં આવે છે.**

**વિભાગ – ૪ (બાંધકામ વિભાગ)**

૪.૧ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની Building and Works Committee ની તા.: ૧૦–૦૨–૨૦૨૫ ના રોજની સભાની બાબત ક્રમાંક : ૧ થી ૨૪ ઉપર વિચારણા કરવા બાબત.

**(બાંધકામ વિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની **Building and Works Committee** ની તા.: ૧૦–૦૨–૨૦૨૫ ના રોજની સભાની ભલામણ ક્રમાંક : ૧ થી ૧૦, ૧૨ થી ૨૪ નો પરિશિષ્ટ : ' ૦૨ ' માં દર્શાવ્યા મુજબ યથાવત સ્વીકાર કરવામાં આવે છે તથા બાબત ક્રમાંક : ૧૧ માં નીચે મુજબ ઠરાવવામાં આવે છે.
ભલામણ ક્રમાંક : ૧૧ સંદર્ભે ટેન્ડરની શરતો મુજબ તા.૨૩–૧૦–૨૦૨૫ સુધી કોન્ટ્રાકટ લંબાવવો.
વધુમાં, તા. ૨૩–૦૬– ૨૦૨૫ થી શરૂ કરી કોન્ટ્રાકટ પૂર્ણ થાય તે પહેલા ટેન્ડરની સંપૂર્ણ કાર્યવાહી સંબંધિત વિભાગોએ પૂર્ણ કરવાની રહેશે.

(પરિશિષ્ટ : ' ૦૨ ')

## વિભાગ – ૫ (જોડાણ વિભાગ)

૫.૧ **શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન ઉધના એકેડેમિ એજયુકેશન ટ્રસ્ટ, ઉધના, સુરત સંચાલિત ઉધના સીટીઝન કોમર્સ કોલેજ એન્ડ એસ.પી.બી. કોલેજ ઓફ બીઝનેશ એડમીનીસ્ટ્રેશન એન્ડ શ્રીમતી દિવાળીબેન હરજીભાઈ ગોંડલીયા કોલેજ ઓફ બી.સી.એ. એન્ડ આઈ.ટી. કોલેજ, સુરતની M.Sc.-I.T. (5 Year Integrated)** અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમ શરૂ કરવાની નવા જોડાણની અરજી, બોર્ડ ઓફ ડીન્સ્ની તા.૨૬–૧૧–૨૦૨૪ના રોજની સભાએ યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ **SOP** ને આધિન સમિતિ આગળની કાર્યવાહી કરવા કરેલ ભલામણને બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૨૦–૧૨–૨૦૨૪ની સભાના ઠરાવ ક્રમાંક (૫.૬) અન્વયે, યથાવત સ્વીકાર કરવા સાથે પૂર્તતા થયેથી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજુ કરવા ઠરાવેલ છે. બોર્ડ ઓફ ડીન્સના ઠરાવ્યાનુસાર સદર અભ્યાસક્રમ માટે યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ **SOP** મુજબની માહિતી જમા કરાવવાની જાણ કોલેજના અચાર્યશ્રીને તા.૨૦–૦૧–૨૦૨૫ના પત્રથી કરતા, કોલેજના આચાર્યશ્રીએ તા.૨૪–૦૧–૨૦૨૫નો પત્ર ક્રમાંક **:614/2024-25** થી **SOP** અને નિયત કરેલ નમુનામાં માહિતીની પુર્તતા કરેલ હોય જે બાબતે વિચારણા કરવા બાબત.....

**<u>બોર્ડ ઓફ ડીન્સની તા.૨૬–૧૧–૨૦૨૪ના રોજની ભલામણ</u>**

:: યુનિવર્સિટી દ્વારા એમ.એસસી.આઈ.ટી. શરૂ કરવા માટે નિયત કરેલ **SOP** ને આધિન સમિતિ આગળની કાર્યવાહી કરવાની ભલામણ કરે છે.

**શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ દરમ્યાન M.Sc.-I.T. (5 Year Integrated) અભ્યાસક્રમ કોલેજો દ્વારા શરૂ કરવા માટે નવા જોડાણ અરજી સંદર્ભમાં માન.કુલપતિશ્રી નિયુકત કોમ્પ્યુટર સાયન્સ એન્ડ ઈન્ફોરમેશન ટેકનોલોજી વિદ્યાશાખાની NEED કમિટિની તા.૨૩–૦૪–૨૦૨૪ની સભાએ નીચે મુજબની SOP અને નિયત પત્રકમાં માહિતી મેળવવાની ભલામણ કરેલ છે. જે ભલામણ મુજબની SOP ને એકેડેમિક કાઉન્સિલ વતી માન.કુલપતિશ્રીએ મંજુર કરેલ છે. જેની નોંધ એકેડેમિક કાઉન્સિલની તા.૨૪–૧૨–૨૦૨૪ની સભાના ઠરાવ ક્રમાંક (૩૪) અન્વયે લેવામાં આવેલ છે.**

**SOP :**

**Minimum Requirements for proposed Affiliation of 5 Years Integrated M.Sc. (I.T.) Program, VNSGU (For 1 Division)**

- Minimum 14 years of successfully functioning of Undergraduate Computer Science / Computer Application course.
- Maximum 1 Crore Corpus must be reserved and allocated for the development of the M.Sc. (I.T.).
- The trust must have at least one regular university approved senior faculty of computer science / computer application / information technology subject with a minimum of 14 years of experience. Ad hoc or contract appointment experience can not be considered.
- Separate permanent faculties must be appointed, and salary must be paid as per 7th Pay Commission and University norms.
- Minimum One Associate Professor must be appointed.
- Regular Assistant Professors must be appointed as per curriculum.
- Separate Classrooms and Computer Lab must be established as per curriculum.

1) 75 Desktop Computers 2) 1 Server
3) Structured Network 4) Apple iOS Lab
5) Microsoft Windows Professional O.S. License for all computers
6)Embedded System hardware setup as per syllabus
7) IoT hardware setup as per syllabus

- All above infrastructure mentioned must be exclusively utilized for M.Sc. (I.T.) Program and cannot be utilized for any other courses.
- The affidavit related to above mentioned points must be submitted by the Trust prior to Local Inquiry Commitee (LIC) visit.
- **Only one college should be given affiliation of M.Sc.(I.T.) programm in 10 K.M. radius of existing M.Sc. (I.T.) program affiliated to VNSGU.**
- Inspection will be done by the Veer Narmad South Gujarat University after 1 year to specially verify the above mentioned conditions. in case of not fulfilling the above menttioned conditions university may discontinue the affiliation of the M.Sc. (I.T.) program affiliation.

**નોંધ : સદર કોલેજમાં યુનિવર્સિટી સંલગ્ન B.C.A. પ્રોગ્રામ વર્ષ ૨૦૦૮–૦૯ થી ચાલે છે.**

(બિડાણ : કોલેજ દ્વારા જમા કરાવેલ SOP મુજબની માહિતી / પુર્તતા)

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન ઉધના એકેડેમિ એજયુકેશન ટ્રસ્ટ, ઉધના, સુરત સંચાલિત ઉધના સીટીઝન કોમર્સ કોલેજ એન્ડ એસ.પી.બી. કોલેજ ઓફ બીઝનેશ એડમીનીસ્ટ્રેશન એન્ડ શ્રીમતી દિવાળીબેન હરજીભાઈ ગોંડલીયા કોલેજ ઓફ બી.સી.એ. એન્ડ આઈ.ટી. કોલેજ, સુરતની M.Sc.-I.T. (5 Year Integrated) અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમ શરૂ કરવાની નવા જોડાણની અરજી સંદર્ભે આગળની ઘટતી કાર્યવાહી માટે મંજૂરી આપવામાં આવે છે તથા યુનિવર્સિટી દ્વારા M.Sc.-I.T. શરૂ કરવા માટે નિયત કરેલ SOP માં સુધારા વધારા અર્થે નીચે મુજબના સભ્યોની સમિતિ બનાવવી.**

(૧) ડૉ. જયદીપ ચૌધરી

(૨) ડૉ.રૂસ્તમ મોરેના

(૩) ડૉ.પુષ્પલ દેસાઈ

૫.૨ **સોંદરબા રામસિંહ માંગરોલા ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ સ્ટડીઝ, મણિબા જ્ઞાનદીપ હોસ્ટેલ પાસે, દેસાડ રોડ, વાલિયા, જિ.ભરૂચના સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(કેમેસ્ટ્રી) વિષયના ચાલુ જોડાણની શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪ ની શરતોની પૂર્તતા કર્યેથી બી.એસસી. કેમેસ્ટ્રીના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ ચાલુ રાખવું અન્યથા ક્રમશઃ જોડાણ બંધ કરવું, એમ સિન્ડિકેટની તા.૨૯–૪–૨૦૨૩ના સભાના ઠરાવ ક્રમાંક :(૧૫૯) અન્વયે ઠરાવેલ હોય, કોલેજ દ્વારા સ્થાનિક તપાસ સમિતિની શરતોની પુર્તતા કરવામાં આવેલ નથી. કોલેજ દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫–૨૬ માટે ચાલુ જોડાણ અરજી ડેવલપમેન્ટ ફંડ રૂા.૨૩,૭૬૦/–, ફોર્મ ફી રૂા.૨૫૦૦ અને પ્રોસેસિંગ ફી રૂા.૨૫૦૦૦/– મળી કુલ્લે રૂા.૫૧,૨૬૦/– ઓનલાઈન RTGS થી તા.૩૦–૦૯–૨૦૨૫ ના રોજ જમા કરાવેલ હોય, તેની જાણ સાથે સિન્ડિકેટની તા.૨૯–૪–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક :(૧૫૯)અન્વયે, શરતોનું પરિપાલન થયેલ ન હોય, જોડાણ રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.**

**(જોડાણ વિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** સોંદરબા રામસિંહ માંગરોલા ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સ સ્ટડીઝ, મણિબા જ્ઞાનદીપ હોસ્ટેલ પાસે, દેસાડ રોડ, વાલિયા, જિ.ભરૂચના સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(કેમેસ્ટ્રી) વિષયના ચાલુ જોડાણની શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪ ની શરતોની પૂર્તતા કર્યેથી બી.એસસી. કેમેસ્ટ્રીના સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ ચાલુ રાખવું અન્યથા ક્રમશઃ જોડાણ બંધ કરવું, એમ સિન્ડિકેટની તા.૨૯–૪–૨૦૨૩ના સભાના ઠરાવ ક્રમાંક :(૧૫૯) અન્વયે ઠરાવેલ હોય, કોલેજ દ્વારા સ્થાનિક તપાસ સમિતિની શરતોની પુર્તતા કરવામાં આવેલ નથી. કોલેજ દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫–૨૬ માટે ચાલુ જોડાણ અરજી ડેવલપમેન્ટ ફંડ રૂા.૨૩,૭૬૦/–, ફોર્મ ફી રૂા.૨૫૦૦ અને પ્રોસેસિંગ ફી રૂા.૨૫૦૦૦/– મળી કુલ્લે રૂા.૫૧,૨૬૦/– ઓનલાઈન RTGS થી તા.૩૦–૦૯–૨૦૨૫ ના રોજ જમા કરાવેલ હોય, તેની જાણ સાથે સિન્ડિકેટની તા.૨૯–૪–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક :(૧૫૯)અન્વયે, શરતોનું પરિપાલન થયેલ ન હોય, જોડાણ અરજી સ્વીકારવી નહીં અને જોડાણ રદ કરવા માટે નીચે મુજબના સભ્યોની સમિતિ બનાવવી.

**(૧) ડૉ.અશ્વિનભાઈ પટેલ (આચાર્ય, નવયુગ સાયન્સ કોલેજ, સુરત)**
**(૨) ડૉ.ભાવિનભાઈ નાયક (આચાર્ય, પાટીદાર જીન સાયન્સ કોલેજ, બારડોલી)**
**(૩) ડૉ.નિતિનભાઈ પટેલ (ઈ.ચા.આચાર્ય, જયેન્દ્રપુરી આર્ટસ કોલેજ, ભરૂચ)**

૫.૩ **શ્રી ઈશ્વરભાઈ ખો. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, મુ.પો.કહાનવાડી, તા.અંકલાવ, જિ.આણંદ અભ્યાસક્રમ (BRS)ના ઈ.ચા.આચાર્યશ્રીએ સદર સંસ્થામાં ચાલતા અભ્યાસક્રમ (B.R.S) ને ધોરણે શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫–૨૬ ચાલુ જોડણાની અરજી બાબતે તા.૨૮–૧૧–૨૦૨૪ થી શ્રી ઈશ્વરભાઈ ખો. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, મુ.પો.કહાનવાડી, તા.: અંકલાવ, જિ.: આણંદમાં ચાલતા (B.R.S)પ્રોગ્રામની સંલગ્નતા બોર્ડ ઓફ મેનેજમેન્ટના તા.૧૩/૧૮–૦૯–૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંક :(૫.૪) અન્વયે શૈક્ષણિક વર્ષ :૨૦૨૫–૨૬ થી સંસ્થાના વિસ્તારમાં આવતી સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર સાથે સંલગ્નતા ઠરાવની જાણ કરતાં તેમના દ્વારા સદર કોલેજ તા.૨૮–૧૧–૨૦૨૪ ના પત્રક્રમાંક :૧૦૦/૨૦૨૪–૨૫ થી સદર કોલેજ દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાંથી સંલગ્નતા મેળવવાની અરજી સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા થયેલ કાર્યવાહીના આધાર રજુ કરેલ છે. તેની જાણ સાથે અત્રેની બોર્ડ ઓફ મેનેજમેન્ટના તા.૧૩/૧૮–૦૯–૨૦૨૪ ના ઠરાવને ધ્યાને લઈ શૈક્ષણિક વર્ષ :૨૦૨૫–૨૬ ની ચાલુ જોડણની અરજી સ્વીકારેલ હોય, અને એકેડેમિક કાઉન્સિલની તા.૨૪–૧૨–૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંક :(૧૭૧)થી ચાલુ જોડાણ મંજુર કરવા ભલામણ કરેલ હોય, અને સદર કોલેજ દ્વારા સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરમાં જોડાણ મેળવવાની કાર્યવાહી કરેલ હોય, શૈક્ષણિક વર્ષ :૨૦૨૬–૨૭ થી પ્રથમ વર્ષમાં પ્રવેશની કાર્યવાહી કરવામાં ન આવશે. એમ કોલેજને યુનિવર્સિટી કાર્યાલયના તા.૦૬–૦૨–૨૦૨૫ના પત્ર ક્રમાંક :જોડાણ(યુજી)(કહાનવાડી)(BRS)(૨૫)/૩૧૫૫ થી જણાવેલ છે. જેની જાણ સારું .**

(જોડાણ વિભાગ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવામાં આવે છે.**

**<u>અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબતો:</u>**

૫.૪ **શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન નીચે મુજબની કોલેજોના તેમની સામે દર્શાવેલ સ્નાતક અભ્યાસક્રમોની ચાલુ / ક્રમશઃ / કાયમી જોડાણની અરજી સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ ઓનલાઈન/ઓફલાઈન મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં હકારાત્મક અહેવાલને એકેડેમિક કાઉન્સિલની તા.૧૧–૦૨–૨૦૨૫ના રોજની સભાએ સ્થાનિક તપાસ સમિતિની તમામ શરતોનું અને સબંધિત એપેક્ષ બોડીની શરતોનું પરિપાલન કરવાની શરતે તથા સ્ટેટયુટ–૨૭૬(૨) ની જોગવાઈ અન્વયે, દિન–૧૫માં પૂર્ણ કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ માટે ચાલુ / ક્રમશઃ / કાયમી જોડાણની મંજૂરી આપેલ છે. જેની જાણ સારુ.**

| ક્રમ | કોલેજનું નામ | અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | એકેડેમિક કાઉન્સિલની સભાની તારીખ અને ઠરાવ ક્રમાંક |
|---|---|---|---|---|
| ૧ | એસ. એસ. ટી. જે. નર્સિંગ સ્કૂલ, શ્રી પ્રાણનાથ હોસ્પિટલ, વેડ રોડ, કતારગામ જી.સુરત | બી.એસસી. (નર્સિંગ) (સ્વનિર્ભર અભ્યાસક્રમ) | ચાલુ/ક્રમશઃ જોડાણ | ૧૧–૦૨–૨૦૨૫ (૦૯) |
| ૨ | એમ. બી. ગોહિલ ઈન્સ્ટિટયુટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર, પો.બો. નંબર ૬૮, મિથિલાનગરી, રૂસ્તમવાડી રોડ, ડૉ.રમાબેન હોસ્પિટલની પાસે, નવસારી | બેચલર ઓફ ફિઝીયોથેરાપી (સ્વનિર્ભર અભ્યાસક્રમ) | ચાલુ જોડાણ | ૧૧–૦૨–૨૦૨૫ (૧૦) |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | શ્રી સ્વામીનારાયણ પરમસુખ નર્સિંગ કોલેજ, સરથાણા પ્રાણી સંગ્રહાલયની સામે, નાના વરાછા, સુરત | બી.એસસી. (નર્સિંગ) (સ્વનિર્ભર) | ચાલુ જોડાણ | ૧૧–૦૨–૨૦૨૫ (૧૨) |
| ૪ | વાત્સલ્ય નર્સિંગ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ, ઉગત ભેંસાણ રોડ, મોરા ભાગળ, રાંદેર રોડ, સુરત | બી.એસસી. (નર્સિંગ) (સ્વનિર્ભર) | ચાલુ જોડાણ | ૧૧–૦૨–૨૦૨૫ (૧૩) |
| ૫ | એસપીબી ફિઝિયોથેરાપી કોલેજ, ઉગત ભેંસાણ રોડ, મોરા ભાગળ, રાંદેર રોડ, સુરત | બેચલર ઓફ ફિઝિયોથેરાપી (સ્વનિર્ભર) | ચાલુ જોડાણ | ૧૧–૦૨–૨૦૨૫ (૧૪) |
| ૬ | આશા ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગ, માતૃભૂમિ વિદ્યાસંકુલ, મહાદેવ નગર–૩, ડિંડોલી, સુરત | બી.એસસી. (નર્સિંગ) (સ્વનિર્ભર) | ચાલુ/ક્રમશઃ જોડાણ | ૧૧–૦૨–૨૦૨૫ (૧૫) |
| ૭ | શ્રી મોરારજી રણછોડજી દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, બુહારી તા.વાલોડ, જિ.તાપી | બી.એ. (સ્વનિર્ભર) | ચાલુ જોડાણ | ૧૧–૦૨–૨૦૨૫ (૧૬) |
| ૮ | તથ્ય નર્સિંગ કોલેજ, સર્વ નં ૬૧૮, ને.હા.૪૮, ભારત પેટ્રોલીયમ નજીક મુ.પો. થાલા તા.ચીખલી જી.નવસારી | બી.એસસી. (નર્સિંગ) (સ્વનિર્ભર) | ચાલુ / ક્રમશઃ જોડાણ | ૧૧–૦૨–૨૦૨૫ (૧૭) |
| ૯ | સાવિત્રીબેન પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરાપી, કમાલછોડ, બાજીપુરા, તા.વાલોડ જી.તાપી | બેચલર ઓફ ફિઝિયોથેરાપી (સ્વનિર્ભર) | ચાલુ જોડાણ | ૧૧–૦૨–૨૦૨૫ (૧૮) |
| ૧૦ | સરકારી વિનયન, વાણિજય અને વિજ્ઞાન કોલેજ, નગર પ્રાથમિક શાળા નંબર ૨૪૬, ઈશ્વરપુરા નવાગામ, ડિડોલી ખરવાસ રોડ–લીંબાયત, જિ.સુરત | બી.કોમ. (આંકડાશાસ્ત્ર) | ચાલુ જોડાણ | ૧૧–૦૨–૨૦૨૫ (૧૯) |
| ૧૧ | સરકારી વિનયન,વાણિજય અને વિજ્ઞાન કોલેજ ઉમરપાડા, જિ. સુરત | બી.એસસી. અને બી.કોમ. | કાયમી જોડાણ | ૧૧–૦૨–૨૦૨૫ (૨૨) |
| ૧૨ | સરકારી નર્સિંગ કોલેજ, કવરત્તી આઈલેન્ડ, લક્ષદિપ | બી.એસસી. (નર્સિંગ) (સ્વનિર્ભર) | ચાલુ જોડાણ | ૧૧–૦૨–૨૦૨૫ (૨૬) |
| ૧૩ | GMERS મેડિકલ કોલેજ, જકાતનાકા પાસે, વડીયાપેલેસ, રાજપીપળા, જી.નર્મદા | એમ.બી.બી.એસ. (સ્વનિર્ભર અભ્યાસક્રમ) | ચાલુ/ક્રમશઃ જોડાણ | ૧૧–૦૨–૨૦૨૫ (૨૭) |
| ૧૪ | ધી સાર્વજનિક કોલેજ ઓફ ફિઝિયોથેરાપી, રામપુરા, છડાઓલ, બડાતવાડી, સુરત | બેચલર ઓફ ફિઝિયોથેરાપી (સ્વનિર્ભર) | ચાલુ જોડાણ | ૧૧–૦૨–૨૦૨૫ (૨૮) |
| ૧૫ | GMERS મેડિકલ કોલેજ, મુ.પો. ખંભલાવ, આટ તા.જલાલપોર જી.નવસારી | એમ.બી.બી. એસ. (સ્વનિર્ભર | ચાલુ/ક્રમશઃ જોડાણ | ૧૧–૦૨–૨૦૨૫ (૪૨) |

| | | | | |
|---|---|---|---|---|
| | | અભ્યાસક્રમ) | | |

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ દરમ્યાન ઉપરોકત મુજબની કોલેજોના તેમની સામે દર્શાવેલ સ્નાતક અભ્યાસક્રમોની ચાલુ / ક્રમશઃ / કાયમી જોડાણની અરજી સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ ઓનલાઈન/ઓફલાઈન મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં હકારાત્મક અહેવાલને એકેડેમિક કાઉન્સિલની તા.૧૧–૦૨–૨૦૨૫ના રોજની સભાએ સ્થાનિક તપાસ સમિતિની તમામ શરતોનું અને સબંધિત એપેક્ષ બોડીની શરતોનું પરિપાલન કરવાની શરતે તથા સ્ટેટયુટ–૨૭૬(૨) ની જોગવાઈ અન્વયે, દિન–૧૫માં પૂર્ણ કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬ માટે ચાલુ / ક્રમશઃ / કાયમી જોડાણની મંજૂરી આપેલ છે, જેની નોંધ લેવામાં આવે છે.**

## વિભાગ – ૬ (વહીવટી વિભાગ)

૬.૧ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો દિવ્યાંગોની ખાસ ભરતી ઝૂંબેશ હેઠળ ખાસ કિસ્સામાં દિવ્યાંગ કેટેગરીની ભરતી કરવા અંગેનો તા.૨૮-૦૧-૨૦૨૫નો આ સાથે સામેલ પત્રાંક:CHE/0132/01/2025 અન્વયેના નીચે મુજબના મુદ્દાઓ ધ્યાને લેવા વિનંતી છે.

(૧) દિવ્યાંગોની ખાસ ભરતી ઝૂંબેશ હેઠળ ખાસ કિસ્સામાં અત્રેની યુનિવર્સિટીના શૈક્ષણિક અને વહીવટી જગ્યોના મંજૂર મહેકમ અનુસારની ખાલી જગ્યા સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭-૦૯-૨૦૨૧ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ.૨ મુજબ ૪% દિવ્યાંગ અનામતની જોગવાઈ કરવામાં આવેલ છે. જે અંતર્ગત નીચે દર્શાવ્યા મુજબના સમયપત્રક મુજબ કુલ ૦૯ સંવર્ગની જગ્યાઓ પર દિવ્યાંગ કેટેગરીની ભરતી કરવાની કાર્યવાહી કરવા માટે જણાવેલ છે.

| ક્રમ | કાર્યવાહી | સમય મર્યાદાની તારીખ |
|---|---|---|
| ૧ | બોર્ડ ઓફ મેનેજમેન્ટની મીટીંગ કરી ભરતી બાબતે કરવાની થતી કાર્યવાહી નક્કી કરવી | તા.૩૧-૦૧-૨૦૨૫ થી તા.૧૦-૦૨-૨૦૨૫ |
| ૨ | યુનિવર્સિટીઓ દ્વારા જાહેરાત પ્રસિદ્ધ કરવી | તા.૨૮-૦૨-૨૦૨૫ |
| ૩ | જાહેરાત અન્વયે અરજીઓ સ્વીકારવી | તા.૩૦-૦૪-૨૦૨૫ |
| ૪ | અરજીઓ સ્ક્રૂટીનાઈઝ કરવી. ભરતી અન્વયે પરીક્ષા (લેખિત + મૌખિક ) પૂરી કરવી | તા.૩૧-૦૮-૨૦૨૫ |
| ૫ | પસંદગી યાદી અન્વયે નિમણૂંક પત્ર આપવા | તા.૩૧-૧૨-૨૦૨૫ |

(૨) દિવ્યાંગોની ખાસ ભરતી ઝૂંબેશ હેઠળ ખાસ કિસ્સામાં અત્રેની યુનિવર્સિટીના શૈક્ષણિક અને વહીવટી જગ્યોના મંજૂર મહેકમ અનુસારની ખાલી જગ્યા પર નીચે મુજબના કુલ ૦૯ સંવર્ગની જગ્યાઓ પર દિવ્યાંગ કેટેગરીની ભરતી કરવાની કાર્યવાહી કરવા માટે જણાવેલ છે.

| ક્રમ | સંવર્ગ નામ | મંજૂર મહેકમ | સીધી ભરતીની ભરાયેલ જગ્યા | ભરવાપાત્ર જગ્યા | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | **A** | **B** | **C** | **D&E** |
| ૧ | Professor | 24 | 6 | 1 | 0 | 0 | 0 |
| ૨ | Associate Professor | 46 | 17 | 1 | 0 | 1 | 0 |
| 3 | Assisatnt Professor | 68 | 42 | 0 | 1 | 1 | 0 |
| ૪ | Deputy Registrar | 2 | 2 | 1 | 0 | 0 | 0 |
| ૫ | Assistant Registrar | 2 | 2 | 1 | 0 | 0 | 0 |
| ૬ | Technical Assistant | 2 | 0 | 1 | 0 | 0 | 0 |
| ૭ | Laborator Assistant | 2 | 2 | 1 | 0 | 0 | 0 |
| ૮ | Computer Operator | 2 | 0 | 1 | 0 | 0 | 0 |
| ૯ | Junior Clerk Cum Typist | 36 | 0 | 1 | 1 | 0 | 0 |

(3) ઉપરોક્ત ક્રમ ૦૨માં દિવ્યાંગોની ખાસ ભરતી ઝૂંબેશ હેઠળ ભરતી કરવા જણાવેલ જગ્યાઓ પૈકી અનુક્રમે નાયબ કુલસચિવ, મદદનીશ કુલસચિવ અને લેબોરેટરી આસિસ્ટન્ટની મંજૂર મહેકમ અનુસાર હાલમાં જગ્યાઓ ખાલી નથી, આથી દિવ્યાંગોની ખાસ ભરતી ઝૂંબેશ હેઠળ ખાસ કિસ્સામાં દિવ્યાંગ કેટેગરીથી કચેરીને સદર ૦3 સંવર્ગની ભરવા માટે મંજૂરી આપવા માટેની દરખાસ્ત ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીને કરવામાં આવેલ છે.

(૪) ઉપરોક્ત ક્રમ ૦૨માં ભરતી કરવા જણાવેલ જગ્યાઓ પૈકી અત્રેની યુનિવર્સિટી દ્વારા તા.૧૩-૦૩-૨૦૨૪ના રોજ જાહેરાત ક્રમાંક: GAD/GIA/T/Emp. Notice/5841/2024 થી કુલ-૭૧ પૈકી જેમાં ૦૧ એસોસિયેટ પ્રોફેસર (BIO-SCIENCES- (2nd Attempt)) અને ૦૨ આસિસ્ટન્ટ પ્રોફેસર (CHEMISTRY-3rd

Attempt, BUSINESS & INDUSTRIALMANAGEMENT) જગ્યા માટે જાહેરાત આપવામાં આવેલ છે. જ્યારે તા.૩૧-૧૦-૨૦૨૪ના રોજ શૈક્ષણિક સંવર્ગ માટે મંજૂર મહેકમ અનુસાર કુલ ૭૬ જગ્યાઓ ખાલી પડેલ છે.

(૫) અત્રેની યુનિવર્સિટી દ્વારા તા.૧૩-૦૩-૨૦૨૪ના રોજ જાહેરાત ક્રમાંક: GAD/GIA/T/Emp. Notice/5841/2024 થી કુલ-૭૧ પૈકી પ્રોફેસરની કુલ ૧૮ જગ્યા માટે જાહેરાત આપવામાં આવેલ છે, પરંતુ સદર જાહેરાતમાં પ્રોફેસરની ૧૮ જગ્યા પૈકી દિવ્યાંગ કેટેગરીની જાહેરાત આપવામાં આવેલ નથી અને સદર જાહેરાત તા.૧૩-૦૩-૨૦૨૪ના રોજ આપવામાં આવેલ હોય, ઉક્ત સરકારશ્રીના દિવ્યાંગોની ખાસ ભરતી ઝૂંબેશ હેઠળ ખાસ કિસ્સામાં દિવ્યાંગ કેટેગરીની ભરતી માટે ૦૧ જગ્યા ભરવા માટે આપેલ મંજૂરી અન્વયે પ્રોફેસર સંવર્ગની હાલ વધારાની કોઈ જગ્યા મંજૂર નથી.

ઉપરોક્ત તમામ વિગત ધ્યાને લઇ દિવ્યાંગોની ખાસ ભરતી ઝૂંબેશ હેઠળ ખાસ કિસ્સામાં દિવ્યાંગ કેટેગરીની ભરતી કરવા અંગે વિચારણા કરવા બાબત

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે કે, યુનિવર્સિટીની તા.૧૩–૦૩–૨૦૨૪ થી પ્રસિધ્ધ થયેલી જાહેરાત ક્રમાંક: GAD/GIA/T/Emp. Notice/5841/2024 બાદ યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં વિવિધ કારણોસર ખાલી પડેલી ૨– એસોસિયેટ પ્રોફેસર, ૩–આસિસ્ટન્ટ પ્રોફેસરની જગ્યાઓ પૈકી** ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો દિવ્યાંગોની ખાસ ભરતી ઝૂંબેશ હેઠળ ખાસ કિસ્સામાં દિવ્યાંગ કેટેગરીની ભરતી કરવા અંગેનો તા.૨૮-૦૧-૨૦૨૫ **ના** પત્રાંક:**CHE/0132/01/2025** અન્વયે **દિવ્યાંગ ઉમેદવારોની ખાસ ઝુંબેશ અંતર્ગત ભરતીની કાર્યવાહી કરવી.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે,**

**(૧) ઉપરોકત પાંચ પૈકી ચાર શૈક્ષણિક જગ્યાઓને વિવિધ સંવર્ગોમાં સરકારશ્રીએ ફાળવેલી દિવ્યાંગ કેટેગરી અંતર્ગત ફાળવણી જે વિભાગોમાં જગ્યા ઉપલબ્ધ હોય એ વિભાગોને અંગ્રેજી આલ્ફાબેટ મુજબ એ ટુ ઝેડના ક્રમાંકમાં ગોઠવી જગ્યાઓને એસોસિયેટ પ્રોફેસર, આસિસ્ટન્ટ પ્રોફેસરના ક્રમાંકમાં ગોઠવી દિવ્યાંગ કેટેગરી એ, બી, સી, ડી એન્ડ ઈ ફાળવવી અર્થાત ગુજરાતી વિભાગના એસોસિયેટ પ્રોફેસર માટે (કેટેગરી–એ), રૂરલ સ્ટડીઝ વિભાગના એસોસિયેટ પ્રોફેસર માટે (કેટેગરી–સી), બીઝનેશ એન્ડ ઈન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર માટે (કેટેગરી–બી), ફીઝીકસ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર માટે (કેટેગરી–સી), પબ્લીક એડમીનીસ્ટ્રેશનમાં દિવ્યાંગ કેટેગરીની ફાળવણી કરવાની રહેતી નથી.**

**(૨) ખાસ કિસ્સામાં દિવ્યાંગ કેટેગરીની ભરતી કરવા માટે અંગ્રેજી આલ્ફાબેટ મુજબ એ ટુ ઝેડના ક્રમાંકમાં એકવેટીક બાયોલોજી વિભાગ ખાતે પ્રોફેસર સંવર્ગની એક જગ્યા માટે સરકારશ્રીને દરખાસ્ત પાઠવી સરકારશ્રીની મંજૂરી મળ્યેથી એકવેટીક બાયોલોજી વિભાગ ખાતે પ્રોફેસરની જગ્યા ભરવાની પ્રક્રિયા કરવી.**

**(૩) શૈક્ષણિક કર્મચારીઓની ભરતી સંબંધિત જાહેરખબર અને ધારાધોરણો તૈયાર કરવા અર્થે નીચે મુજબના સભ્યોની સમિતિ બનાવવી.**
**(૧) ડૉ.મનીષ સિધ્ધપુરીયા (૨) ડૉ.ડી.જી.ઠાકોર (૩) ડૉ.રૂસ્તમ મોરેના**
**(૪) ડૉ.પી. બી. ઠાકોર**

**(૪) ઉપરોકત ચાર શૈક્ષણિક જગ્યાઓ માટે સરકારશ્રીએ આપેલી દિવ્યાંગોની ખાસ ભરતી માટેની સમયસારણી મુજબ કાર્યવાહી પૂર્ણ કરવી.**

**(૫) વહીવટી કર્મચારીઓ માટે પત્રમાં જણાવેલ અનુસાર વહીવટી કર્મચારીઓની જગ્યા માટે જાહેરાત આપી અરજી મંગાવવી તથા તેની સ્ક્રુટીની અને નિમણુંકની કાર્યવાહી સરકારશ્રીની હાલની ગાઈડલાઈન મુજબ પૂર્ણ કરવી.**

**વધુમાં, વહીવટી કર્મચારીઓની ભરતી સંબંધિત જાહેરખબર, લાયકાત અને ધારાધોરણો તૈયાર કરવા અર્થે નીચે મુજબના સભ્યોની સમિતિ બનાવવી.**
**(૧) ડૉ. આર. સી. ગઢવી (૨) શ્રી એ. વી. ધડૂક (૩) ડૉ.એન. આર. પટેલ (૪) ડૉ. પી. સી. બચરવાલા (૫) ડૉ. એચ. ડી. વાઘેલા (૬)** શ્રી દક્ષેશ એન. આઈસ્ક્રિમવાલા

**વધુમાં, દિવ્યાંગોની ભરતી ઝુંબેશ સંબંધિત તમામ બાબતનો માહિતિનો અદ્યતન રીપોર્ટ સરકારશ્રીને મોકલી આપવા માટે યુનિવર્સિટીના નોડલ ઓફિસર તરીકે શ્રી દક્ષેશ એન. આઈસ્ક્રિમવાલાની નિમણુંક કરવી.**

૬.૨ યુનિવર્સિટીનાં વિવિધ અનુસ્નાતક વિભાગોમાં ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગના તા.10/06/2019 ના પરિપત્ર ક્રમાંક:સપય/૧૩૨૦૧૨/૭૯૮/ખ-૨ અનુસાર શૈક્ષણિક જગાઓ પ્રોફેસર(૧૮), એસોસિએટ પ્રોફેસર(૨૮) અને આસિસ્ટન્ટ પ્રોફેસરની (૨૫) મળી કુલ્લે (૭૧) જગાની ભરતીની (વિગત આ સાથે રજૂ કર્યા મુજબ) તા.૧૩/03/૨૦૨૪ ની જાહેરાત ક્રમાંક: GAD/GIA/T/Emp.Notice/5841/2024 સંદર્ભમાં ઉમેદવારોની મળેલ અરજી બાદ સ્કુટીનીની કાર્યવાહી કરવાની રહેતી હોય, નીચે મુજબની વિગત અવલોકનમાં લઇ વિચારણા કરવા બાબત.

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરની તા. ૧૫/૦૨/૨૦૨૫નાં રોજ દિવ્યાંગોની ખાસ ભરતી અભિયાન/ઝુંબેશ અંતર્ગત ઓનલાઈન સભામાં મળેલ માર્ગદર્શન મુજબ સદરહુ જગા પર આઠમાં પગારપંચની મંજૂરી પહેલા ભરતીની કાર્યવાહી કરી શકાય.

(૨) ઉપર મુજબની વિગતે પ્રોફેસર, એસોસિએટ પ્રોફેસર અને આસિસ્ટન્ટ પ્રોફેસરની (૭૧) શૈક્ષણિક જગાના મળેલ ઉમેદવારોની અરજીઓની ભરતીની કાર્યવાહી સારું સ્કુટીની અને ત્યારબાદની કાર્યવાહી કરવા અંગે.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે કે, યુનિવર્સિટી દ્વારા તા.૧૩–૦૩–૨૦૨૪ના રોજની ૭૧ શૈક્ષણિક જગ્યા માટેની જાહેરાત સંદર્ભે મળેલી ઉમેદવારોની અરજીની સ્ક્રુટીની અંગેની કામગીરી શરૂ કરી પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરવી તથા પસંદગી સમિતિની ભલામણ મુજબના ઉમેદવારોની રાજય સરકારશ્રીને નિમણુંકની મંજૂરી આપવા દરખાસ્ત પાઠવવી અને સરકારશ્રીની મંજૂરી મળ્યેથી નિમણુંકની કાર્યવાહી પૂર્ણ કરવી.**

**વધુમાં, સ્ક્રુટીની સમિતિના સભ્યોના નામો આપવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

૬.૩ યુનિવર્સિટી કાર્યાલય ખાતે વહીવટી કર્મચારીની જરૂરીયાત બાબતે આદેશાનુસાર મેન પાવર ઓડિટની નિયુકત સમિતિની સભા તા:૧૪–૦૨–૨૦૨૫ ના રોજની સભાએ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

(૧) દૈનિક રોજ અને કલાક આધારિત હાલમાં કાર્યરત કર્મચારીઓના કરાર પૂર્ણ થયેથી રીન્યુઅલ પ્રોસેસ ન કરવા ભલામણ છે. વધુમાં, સમિતિ દૈનિક રોજ પર જરૂરીયાત પડે તો આઉટસોર્સિંગ એજન્સી દ્વારા સેવાઓનો લાભ લેવા ભલામણ કરે છે.

(૨) આઉટસોર્સિંગની એજન્સીની નિમણૂંક ન થાય ત્યાં સુધી પરીક્ષા વિભાગ, કુલપતિશ્રીના કાર્યાલય અને કુલસચિવશ્રીના કાર્યાલયની કામગીરીમાં જરૂર હોય તો દૈનિક રોજ સેવા લેવા સમિતિ ભલામણ કરે છે.

(૩) વહીવટી વિભાગીય વડાશ્રીએ તેમના વિભાગના કાર્યભારની હાર્ડકોપી સાથે સમિતિ સમક્ષ રજૂઆત માટે તા.૧૫–૦૨–૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકથી વહીવટી કાર્યાલયના વડાશ્રીને સમિતિ સમક્ષ રજૂઆત કરવાની જાણ કરવી.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે કે, યુનિવર્સિટી કાર્યાલય ખાતે વહીવટી વ્યકિતની જરૂરીયાત બાબતે મેન પાવર ઓડિટની નિયુકત સમિતિની સભા તા:૧૪–૦૨–૨૦૨૫ ના રોજની કાર્યવાહીમાં કરેલ ભલામણ અન્વયે સમિતિના અહેવાલના સંદર્ભે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.**

